# પેપર નં.૧

**પ્રશ્ન : ૧ (અ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના આશરે દશ લીટીમાં સવિસ્તાર ઉત્તર લખો.** **(૧૦)**

(૧) નાનુભાઈનો સફળ નુસખો તમારા શબ્દોમાં લખો.

(૨) પત્નીના અંગ્રેજી શિક્ષણ વિશેની સુહાસની અને લેખકની વિચારસરણી વચ્ચેનો ભેદ.

(૩) વેણુને બચાવવા જુમાએ શું શું કર્યું ?

**(બ) નીચેનામાંથી કોઈપણ એક પર આશરે આઠ લીટીમાં મુદ્દાસર નોંધ લખો.** **(૪)**

(૧) અહિંસા વિશેનું ગાંધીજીનું ચિંતન.

(૨) મંગુને દવાખાને મૂકયા પછીની અમરતકાકીની મનોવ્યથા આલેખો.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક પર આશરે આઠ લીટીમાં મુદ્દાસર નોંધ લખો.** **(૪)**

(૧) 'આગગાડીના અનુભવો' માં નિષ્પન્ન થતો રમૂજી-કટાક્ષ.

(૨) રવિપ્રસાદ પોતાની એકલતા દૂર કરવા શું કરતા હતા ?

**(ડ) નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો.** **(૨)**

(૧) કાશીમાએ કાબરી પરના હેતને દળીદળીને સારી પેઠે 'ગોળ' ખવડાવ્યો હતો-સમજાવો.

(૨) ગણપત કહે છે, ''ગોઝારાં તો આપણે કુંવર'' -સમજાવો.

**પ્રશ્ન : ૨ (અ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના આશરે દસ લીટીમાં ઉત્તર લખો.** **(૧૦)**

(૧) 'હું તો ચહું'- સોનેટમાં કરાયેલું યૌવનનું ગૌરવ.

(૨) અભિમન્યુની વીરગતિનું વર્ણન કરો.

(૩) 'આપણે ધડવૈયા બાંધવ આપણે' કાવ્યનો ધ્વનિ સ્પષ્ટ કરો.

**(બ) નીચેનામાંથી કોઈપણ એક પર આશરે આઠ લીટીમાં મુદ્દાસર નોંધ લખો.** **(૪)**

(૧) 'કે કાગળ હરિ લખે તો'-ગીતમાં વ્યકત થયેલી કવિ હૃદયની ઝંખના.

(૨) 'તો આવ્યાં કને' - ગીતમાં કવિએ કરેલી પ્રેમની અનુભૂતિ.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક પર આશરે આઠ લીટીમાં મુદ્દાસર નોંધ લખો.** **(૪)**

(૧) 'કે કાગળસ ખોવાયો છે' - ગઝલનું વકતવ્ય સ્પષ્ટ કરો.

(૨) 'સ્મૃતિભ્રમ' - માં કવયિત્રીને પોતાનાં બા શું શું કરતાં દેખાય છે ?

**(ડ) નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો.** **(૨)**

(૧) 'સેવો નદનંદન કાઢે કુળની કાસડલી'- સમજાવો.

(૨) કવિ ગાંધીજીને સાગર પીનારા શાથી કહે છે?

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર આપેલ મુદ્દાઓના આધારે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો.** **(૧૦)**

(૧) **જીવનમાં શિસ્તનું મહત્વ** (પ્રસ્તાવના- શિસ્ત અનિવાર્ય - શિસ્તનું મહત્વ - શિસ્તના પ્રકાર - જયાં શિસ્ત ત્યાં પ્રગતિ - શિસ્ત વિનાનું જીવન - ઉપસંહાર)

(૨) **પડે ચડે જીભ વડે જ માનવી** ( પ્રસ્તાવના- જીભ તનમનની તંદુરસ્તી માટે - મીઠી જીભના ફાયદા- કડવી જીભના ગેરફાયદા- મનુષ્યની ઓળખ- ઉપસંહાર)

**(બ) તમારી શાળામાં ઉજવાયેલ સ્વયં શિક્ષકદિનનો અહેવાલ આશરે ૧૦૦ શબ્દોમાં લખો.** **(૫)**

**(ક) આપેલા ગદ્યખંડનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **(૫)**

''ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ, તેમજ એ બે તત્વોની દોરવણી નીચે ઘડાતો જીવન વ્યવહાર. પંડિત સુખલાલજીએ શાસ્ત્રો, પંડિતો, ગુરુઓ, તીર્થો, મંદિરો, ક્રિયાકાંડો, ઉપાસનાઓ વગેરેને ધર્મનો બાહ્યદેહ કહ્યો છે. જયારે સત્ય, ભકિત, પ્રેમ, નિઃસ્વાર્થપણું, વિવેક, વિનય અને ઉદારતા વગેરે સદ્દગુણોને ધર્મનો આત્મા કહ્યો છે. જયાં ઉદારતા ન હોય ત્યાં સત્યશોધન કે નિઃસ્વાર્થપણાનો અવકાશ જ કયાં છે ? આથી હું એમ કહું કે ધર્મ એટલે ઉદારતા. ઉદારતા સૌથી પહેલાં વિચારોની. વિચારોની ઉદારતા આવી એટલે સભ્યતા ભણી આપણે પહેલું ડગલું માંડ્યું''

**- વાડીલાલ ડગલી**

**પ્રશ્ન : ૪ (અ) નીચેનું કાવ્ય વાંચી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **(૫)**

વ્યવસ્થિત રહે ન એક ચીજ ઓરડામાં કદી :
જરાક કરીએ સમું નહીં કુંકાય વંટોળિયો
તુફાની શિશખેલનો, રમકડાં તણી ટોળીઓ
પડે નીકળી બહાર, સ્વસ્થ ગૃહચિત્ત નાખે ખૂંદી.
હસાહસ ઘડી, લડાલડી અને પાડી ક્રંદન,
ન ચેન પડતું, જરાક ધમકાવીએ રોષમાં.
શમે ક્ષણ તુફાન, ફાટી નીકળે વળી જોશમાં !
ન કારી ફળતાં દઉં 'ઘર બહાર' નું શાસન.
રજા પડી, ગયાં ગૃહેથી પરગામ સૌ બાળકો,
હવે ન ઊઠતો અહીં શિશુતુફાન વંટોળિયો;
ખલેલ નહિ કયાંય, શો સમય શાંતિ કેરો મળ્યો !
વ્યવસ્થિત બધું, ન કોઇ ચીજ કયાંય ઠેબે ચડે,
પડયાં રમકડાં ખૂણે મૂક, ન કો હસે કે રડે -
ન ચેન ઘરમાં પરંતુ મનને ઘડીએ પડે !

**પ્રશ્ન :** (૧) ઓરડામાં ચીજો વ્યવસ્થિત કેમ રહેતી નહોતી ?

(૨) બાળકોનાં તોફાન-મસ્તીને કારણે જયારે કવિ બેચેન બનતા ત્યારે તેઓ શું કરતા ?

(૩) બાળકો બહારગામ જતાં પરિસ્થિતિમાં શો ફેર પડયો ?

(૪) બાળકો વિનાના ઘરમાં કવિના મનની સ્થિતી કેવી થઇ ?

(૫) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**(બ) નીચેમાંથી કોઇપણ એકનો આશરે દશ લીટીમાં વિચાર વિસ્તાર કરો.** **(૫)**

(૧) વર્ષા સમ વારિ નહીં, પ્રેમ સમો નહીં ત્યાગ,
વેણ સમ ચિનગારી નહીં, વિરહ સમી નહીં આગ.

(૨) હું માનવી થાઉં તો ઘણું.

**(ક) (૧) નીચ આપેલા વિધાનોના આપેલ વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર શોધીને લખો.** **(૨)**

(૧) કવિવર રવીન્દ્રનાથ ટાગોર ઉનાળાના બપોરે.....

(અ) ખુલ્લામાં બેસી લૂમાં નાહવાનો આનંદ લેતા.

(બ) બારીબારણાં બંધ કરી ઘરમાં સૂઇ જતાં.

(ક) વાચન કરવા બેસી જતા.

(૨) જે મોટા કહેવાય છે, તેઓ .....

(અ) બીજા મોટાને માન આપે છે.

(બ) હલકી વસ્તુની પ્રાપ્તિ તરફ દૃષ્ટિ કરતા નથી.

(ક) હંમેશાં ઊંચી દૃષ્ટિ રાખે છે.

**(૨) (ક) 'અ' વિભાગનાં પાત્રો સામે 'બ' વિભાગમાંની સાચી ઉકિત શોધીને લખો.** **(૧)**

| **'અ'** | **'બ'** |
|---|---|
| (૧) પ્રભાશંકર | (૧) ''ચૂપ રહે ચંડાલ !'' |
| (૨) તૈલપ | (૨) ''તને પણ લાડ કરવાની ટેવ પાડી છે'' |
| | (૩) ''સંસાર ભોગવવા કરતાં થીંગડાં મારવાનું જ કામ તારે કરવું પડશે.'' |

**(ખ) 'અ' વિભાગમાં દર્શાવેલી કૃતિ સામે 'બ' વિભાગમાંથી કર્તાનું નામ લખો.(૧)**

| **'અ'** | **'બ'** |
|---|---|
| (૧) થીંગડું | (૧) પન્નાલાલ પટેલ |
| (૨) ભણકારા | (૨) પુષ્કર ચંદરવાકર |
| | (૩) સુરેશ જોષી |

**(ગ) 'અ' વિભાગનાં પાત્રો સામે 'બ' વિભાગમાંથી સાચી કૃતિ શોધીને લખો.** **(૧)**

| **'અ'** | **'બ'** |
|---|---|
| (૧) રૂખડ | (૧) રણમાં અભિમન્યુ |
| (૨) કાળકેતુ | (૨) ભણકારા |
| | (૩) થીંગડું |

**(ઘ) 'અ' વિભાગમાં દર્શાવેલી સાહિત્યકૃતિ સામે 'બ' વિભાગમાંથી સાહિત્ય પ્રકાર શોધીને લખો.** **(૧)**

| **'અ'** | **'બ'** |
|---|---|
| (૧) આગગાડીના અનુભવો | (૧) પદ્યવાર્તા |
| (૨) પલ્લુ કર્યું તે પતિ | (૨) હાસ્યરસ કથા |
| | (૩) આત્મકથા |

**(૩) કાવ્યપૂર્તિ કરો.** (૪)

કોઇ તો રાચે ................. આવે હાથજી.

**પ્રશ્ન : ૫ સૂચના પ્રમાણે કરો.**

**(ક) નીચેના શબ્દોની સાચી જોડણી લખો.** (૨)

અભિશેક, ખાત્રિ, ધૂમકેતુ, સુરભી.

**(ખ) (૧) સંધિ છોડો :** સ્વાર્થ, હરીન્દ્ર (૧)

**(૨) સંધિ જોડો :** હિત + એષી, સરસ્ + વર. (૧)

**(ગ) (૧) સમાસના પ્રકાર લખો :** વિધવા, ધનુર્બાણ (૧)

**(૨) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** (૧)

(૧) જેનું શબ્દોમાં વર્ણન ન કરી શકાય તે.

(૨) ત્રણ કલાકનો સમય.

**(ઘ) (૧) સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો.** (૧)

(૧) હું ખેતરે જઇશ નહિ. (કર્મણિ વાક્ય રચના કરો)

(૨) મનુએ સોયમાં દોરો પરોવ્યો. (પ્રેરક વાક્ય રચના કરો.)

(૨) સૂચના પ્રમાણે વાક્ય રૂપાંતર કરો. (૧)

(૧) કુદરત આગળ બધા લાચાર છે. (પ્રશ્ન વાક્ય બનાવો.)

(૨) રડી પડવાથી શું થઇ જવાનું છે ? (વિધાન વાક્ય બનાવો.)

**(ચ) (૧) છંદના પ્રકારનું નામ લખો** **(૧)**

(૧) કલા છે ભોજય મીઠીને ભોકતા વિણ કલા નહીં.

(૨) ત્રણે જણા સૂતા તે ઠાર, પહેલે પહોરે જાગે સુતાર.

**(૨) છંદનું ઉદાહરણ આપો. :** દોહરો (૧)

**(છ) (૧) અલંકારના પ્રકારનું નામ લખો.** (૧)

(૧) જ્યાં દેવોના પરમ વર – શો પુત્ર પામ્યાં પનોતો.

(૨) અખાડામાં જવાના મેં ઘણીવાર અખાડા કર્યા છે.

**(૨) અલંકારનું ઉદાહરણ આપો :** વ્યતિરેક. (૧)

**(જ) (૧) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો :** વારી જવું. (૧)

**(૨) કહેવત સમજાવો :** બાંધી મૂઠી લાખની. (૧)

**(ઝ) (૧) પર્યાય શબ્દો આપો :** ઇન્દુ, તાસીર (૧)

**(૨) તળપદા શબ્દોનાં શિષ્ટરૂપો આપો :** મનેખ, જુહાર

**(ટ) નીચેના વાકયનું વિશ્લેષણ કરો.** **(૨)**

મારી દલીલ એ છે કે જે તડકામાં કૂમળાં ફૂલો પણ ખીલે છે કે તડકાનો વાંક તમે શી રીતે કાઢો શકો ?

**(ઠ) (૧) વાકયને યોગ્ય પદક્રમમાં ગોઠવો.** **(૧)**

તેને રાજી જે કરતું હશે એની ચાકરી પણ કરીશું.

**(૨) વિશેષણ સંજ્ઞા બનાવો :** જંગલ, પૂજા. (૧)

* * * * *